| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૨૫/૦૮/૨૦૨૨ | | |
| દાખલ તારીખ | : | ૨૫/૦૮/૨૦૨૨ | | |
| ફેંસલ તારીખ | : | ૧૯/૦૫/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૩ | ૦૮ | ૨૫ |

**અંકલેશ્વરનાં મહે. એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**
**મુ. અંકલેશ્વર.**

**ફોજદારી કેસ નંબર :** ૪૦૪૨/૨૦૨૨

**આંક :-**

**ફરીયાદી** : **સહાની ઘનશ્યામ**
રહે.૧૨૮,મહેન્દ્રનગર, શિવ મંદીર પાછળ,
ગડખોલ, અંકલેશ્વર,જી.ભરૂચ.

**વિરુધ્ધ.**

**આરોપી** : **૧. રમેશનાથ શિવધરી તીવારી**
રહે. મહેન્દ્રનગર, શિવ મંદીર પાછળ,
ગડખોલ, અંકલેશ્વર,જી.ભરૂચ.
**૨. પ્રેમ શીલા તીવારી**
રહે. મહેન્દ્રનગર, શિવ મંદીર પાછળ,
ગડખોલ, અંકલેશ્વર,જી.ભરૂચ.

**ગુનો : નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબ**

| |
|---|
| ફરીયાદી તરફે વિ. વ. ................ શ્રી વાય.ડી.પટેલ |
| આરોપી તરફે વિ.વ.................... શ્રી ટી.ડી.જોષી |

**:: જજમેન્ટ ::**

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, ફરીયાદી પાસે આરોપીએ તેમના મકાનનું બાંધકામ કરાવેલ અને મકાનનું કુલ બાંધકામ ૧૧૦૦.૦૦ ચો.ફુટ જેટલુ કરવાનુ હતુ તે બાંધકામ ચો.ફુટ ૯૦૦ ના ભાવ નકકી કરવામાં આવેલ હતો અને આરોપીઓએ આપેલ ડિઝાઈન મુજબ ફરીયાદીએ આરોપીના મકાનનું બાંધકામ કરી આપેલું. ફરીયાદીએ આરોપીને સંતોષ થાય તે રીતે મકાનનું બાંધકામ કરી આપેલ તે બાંધકામનો કુલ ખર્ચ રૂ.૯,૯૦,૦૦૦/– થયેલા. જે તમામ ખર્ચ ફરીયાદીએ કરેલો તે પેટે ફરીયાદીને આરોપીઓએ બાંધકામ પેટે રૂ.૬,૦૦,૦૦૦/– આપેલ છે અને ફરીયાદીએ કરેલ બાંધકામ પેટે રૂ.૩,૯૦,૦૦૦/– લેવાના બાકી પડે છે તે પેટે આરોપીઓએ તે પૈકીની રકમ ચુકવવા માટે નીચેની વિગતના ચેક આપી જણાવેલ કે, જે તે તારીખે ચેક પાસ થઈ જશે.

| બેંકનુ નામ | ચેક નં. | રકમ રૂા. | તારીખ |
|---|---|---|---|
| એકસીસ બેંક લી. | ૯૧૪૯૦૧ | ૧,૦૦,૦૦૦/– | ૨૦/૦૬/૨૦૨૨ |
| એકસીસ બેંક લી. | ૯૧૪૯૦૧ | ૧,૫૦,૦૦૦/– | ૨૦/૦૬/૨૦૨૨ |

ઉપરોકત બંને ચેક આરોપીની સુચના મુજબ ફરીયાદીએ તેઓની બેંક પંજાબ નેશનલ બેંક અંકલેશ્વર શાખા મારફતે કલીયરીંગ માટે બંને ચેક તા.૨૦/૦૬/૨૦૨૨ ના રોજ મોકલેલ. પરંતુ આરોપીઓએ ચેકનું પેમેન્ટ સ્ટોપ કરાવેલ હોવાના કારણસર બંને ચેક પેમેન્ટ સ્ટોપ બાય ડ્રોવરના શેરા સહિત તા.૨૧/૦૬/૨૦૨૨ ના રોજ પરત ફરેલ છે. ચેક રીટર્ન થવાના કારણે ફરીયાદીએ તા.૧૦/૦૭/૨૦૨૨ ના રોજ અમારા વકિલશ્રી મારફતે ધી નેગો. ઈન્સ્ટુ એકટની કલમ–૧૩૮ મુજબની રજી.પો.એડી થી નોટીસ મોકલાવેલી હતી. આમ, નોટીસ આરોપીએ તા.૨૦/૦૭/૨૦૨૨ ના રોજ સ્વિકારી હોય જેથી નોટીસ બજી ગયેલી છે. આરોપીઓએ નોટીસમાં જણાવ્યા મુજબના દિન–૧૫ માં ચેકના નાણાં લેણાની રકમ રૂ.૨,૫૦,૦૦૦/– તથા બાકી રકમ રૂ.૩,૯૦,૦૦૦/– ફરીયાદીને ચુકવી આપેલ નથી અને નોટીસનો અમલ કરેલ નથી અને નોટીસનો ઉડાઉ

જવાબ આપેલ છે અને સીકયોરીટી પેટે ચેક આપેલા તેમ જણાવેલ છે. પરંતુ ખરેખર આરોપીઓએ ચેક સીકયોરીટી પેટે નહી પરંતુ અમોએ જે રકમ રૂ.૩,૯૦,૦૦૦/– લેવાના બાકી પડે છે તે પેટે ચેક આપેલા છે જેથી હાલની ફરીયાદ ફરીયાદીએ આરોપી વિરુધ્ધ ''ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮'' મુજબ કરેલ છે.

(૨) આ કામના આરોપીને સમન્સ બજતાં તેઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થતાં અત્રેની કોર્ટ ધ્વારા ક્રિ.પ્રો. કોડની કલમ–૨૦૭ અન્વયે ફરીયાદ તથા તેની સાથે રજુ તમામ દસ્તાવેજોની નકલો વિના મૂલ્યે પુરી પાડવામાં આવેલી. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૧ હેઠળ આંક– ૨૧, ૨૨ થી આરોપીની પ્લી નોંધી ગુના અંગે પુછતાં તેઓએ ગુનાનો ઈન્કાર કરેલો, જેથી સદર કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૫ થી તેઓ તરફે રજુ થયેલ દસ્તાવેજોને આંક આપવા અરજી રજુ કરતાં તે દસ્તાવેજોને સાહેદ તરફે સરતપાસમાં રીફર કરવામાં આવેલ છે તેથી ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈને આધીન દસ્તાવેજી પુરાવાને આંકે પાડવાનો હુકમ કરવામાં આવેલ છે. આ કામે ફરીયાદ પક્ષ તરફે તેમની ફરીયાદ હકિકતના સમર્થનમાં નીચે મુજબના લેખીત તથા મૌખિક પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે પોતાનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**મૌખીક પુરાવો**

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી સહાની ધનશ્યામની સોગંદ પરની જુબાની | ૦૪ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદવાળો અસલ ચેક નં. ૯૧૪૯૦૧ | ૨૮ |
| ૨ | ચેક રીર્ટન મેમો અસલ | ૨૯ |

| | | |
|---|---|---|
| ૩ | ફરીયાદવાળો અસલ ચેક નં. ૯૧૪૯૦૨ | ૩૦ |
| ૪ | ચેક રીર્ટન મેમો અસલ | ૩૧ |
| ૫ | આરોપીને આપેલ નોટીશની સ્થળપ્રત | ૩૨ |
| ૬ | નોટીશ આર.પી.એ.ડી. કર્યાની પોષ્ટ ખાતાની રશીદ અસલ | ૩૩ |
| ૭ | સ્વીકૃતિ પહોંચ અસલ | ૩૪ |
| ૮ | આરોપીએ આપેલ નોટીશનો જવાબ અસલ | ૩૫ |

ઉપરોકત પુરાવાઓ સિવાય ફરીયાદપક્ષ તરફે અન્ય કોઈ પુરાવાઓ રજુ કરવામાં આવેલા નથી.

(૫) આ કામે આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન માટે રાખવામાં આવેલ છે. જેમા આરોપીએ સોગંદ પર પુરાવો આપવા અને બચાવમાં સાહેદો તપાસવાના જવાબમા હા જણાવેલ છે. વિશેષમાં આરોપીએ જણાવેલ છે કે, '' તેઓએ આવો કોઈ ગુનો કરેલ નથી, તેઓના ચેકનો દુરૂપયોગ કરી ચેકના નાણા ખોટી રીતે પડાવવા હાલની ફરીયાદ કરેલ છે.

આરોપીએ પોતાના બચાવમાં નીચે મુજબના પુરાવા રજુ રાખેલ છે.

**મૌખીક પુરાવો**

| **ક્રમ** | **સાહેદ** | **આંક** |
|---|---|---|
| ૧ | આરોપી રમેશનાથ શિવધરી તીવારીની સોગંદ પરની જુબાની | ૫૨ |

**દસ્તાવેજી પુરાવો**

| **ક્રમ** | **દસ્તાવેજ** | **આંક** |
|---|---|---|
| ૧ | એકસીસ બેંકમાં કરાવેલ સ્ટોપ પેમેન્ટ બાબતનુ સ્ટેટમેન્ટ | ૫૯ |
| ૨ | એકસીસ બેંકનુ સ્ટેટમેન્ટ | ૬૦ |

**(૬) દલીલો :–**

સદર કામે ફરીયાદપક્ષે વિ.વ.શ્રી ધ્વારા આંક–૬૬ થી લેખીત દલીલો કરી રજુઆત કરેલ છે.

આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા આંક– ૭૧ થી લેખિત દલીલો રજુ કરવામાં આવેલ છે, જે વંચાણે લીધી.

(૭) આ કામે બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો વંચાણે લેતા હાલનાં કેસનાં નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

**મુદ્દા નં.૧** :– શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના તહોમતદારે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં.૨** :– શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**–: નિર્ણયો :–**

**મુદ્દા નં. ૧** :– અંશત: હકારમાં.

**મુદ્દા નં. ૨** :– આખરી હુકમ મુજબ.

**–: નિર્ણય માટેનાં કારણો :–**

(૯) આ કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદી સહાની ઘનશ્યામને આંક– ૦૪ થી સોગંદ પર તપાસવામાં આવેલ છે. જેમાં તેઓએ પોતાની આંક–૧ થી રજુ ફરીયાદની હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે. સદર ફરીયાદીની આરોપી તર્ફે વિ.વ.શ્રી દ્રારા ઉલટ તપાસ કરવામા આવેલ છે જેમાં તેઓ જણાવે છે કે, મને ગુજરાતી લખતા વાંચતા આવડતુ નથી. આરોપીને હું દશ બાર વર્ષથી ઓળખુ છુ. એ વાત ખરી નથી કે આરોપી મારા મિત્ર છે. મેં મારા ધંધાનું કોઈ રજીસ્ટ્રેશન કરાવેલ નથી કે કોઈ જી.એસ.ટી નંબર પણ નથી. આરોપીએ મને આશરે સને–૨૦૨૧–૨૦૨૨ માં મકાન બાંધકામ કરવા માટે જણાવેલુ. બાંધકામ અંગેના લેખીતમાં કરાર થયેલો જે મેં લખીને આપેલો. આ કરાર નોટરી સમક્ષ

નોંધાયેલો ન હતો. આ લેખીત કરારની કોપી મારી પાસે નથી તે અસલ મેં આરોપીને આપી દીધેલ છે. તેની કોઈ કોપી મારી પાસે નથી. આ કરારમાં કોઈ સાક્ષી તરીકે ન હતુ. જે બાંધકામ કરેલુ તે મેં માપીને કરેલુ. આ બાંધકામ મેં ચોરસફુટના ભાવ પર નકકી કરેલુ. એક ચોરસફુટનો ભાવ રૂ.૯૦૦ હતો. એ વાત ખરી નથી કે અમારી વચ્ચે ઉચ્ચકભાવ નકકી થયેલો. એ વાત ખરી છે કે તકરારી ચેક મેં માલસામાન ખરીદવા માટે સીકયોરીટી પેટે રાખેલો. એ વાત ખરી નથી કે કે જેમ જેમ કામ પૂર્ણ થયુ તેમ તેમ આરોપીએ મને પૈસા ચુકવી આપેલા. એ વાત ખરી નથી કે મેં હજી પણ થોડુક કામ બાકી રાખેલુ છે. અમે કોઈ હિસાબના ચોપડા રાખતા નથી. હું કોઈ ઈન્કમટેક્ષ રીટર્ન ભરતો નથી. મેં આજદીન સુધી કોઈ ઈન્કમટેક્ષ રીર્ટન ભરેલ નથી. એ વાત ખરી છે કે મારે આરોપી પાસે રૂ.૩,૯૦,૦૦૦/– લેવાના નીકળે છે તેનો કોઈ લેખીત પુરાવો નથી. એ વાત ખરી નથી કે આરોપીના સીકયોરીટી પેટે આપેલ ચેકનો મેં દુરૂપયોગ કરેલ છે. મને આંક –૨૮ અને ૩૦ વાળા ચેક બતાવવામાં આવે છે તેની પાછળ એવુ લખેલ છે. 'Before chaque diposite compalsori my permission sign' મેં ચેક નાખતા પહેલા આરોપીને જાણ કરેલી છે. મેં આરોપીને આ બાબતે રૂબરૂમાં જાણ કરેલી છે. મેં બાકીના રૂ.૧,૪૦,૦૦૦/– માટે કોઈ ફરીયાદ કે સીવીલ દાવો કરેલો નથી. એ વાત ખરી નથી કે મને આરોપીએ પુરેપુરા પૈસા ચુકવી આપેલા તેથી તેને આ પેમેન્ટ સ્ટોપ પેમેન્ટ કરાવેલું સ્ટોપ પેમેન્ટ કેમ કરાવેલુ તે બાબતે મેં આરોપી સાથે કોઈ વાતચીત કરેલી નથી. મને આંક ૨૮ તથા આંક ૩૦ બતાવવમાં આવે છે. તે જોઈને કહુ છુ કે તે ચેકોમાં રમેશભાઈએ સહી કરીને આપેલ, તેમાં પ્રેમશીલા તીવારીની કોઈ સહી નથી. એ વાત ખરી નથી કે મેં આરોપી નં.૨ ને ખોટી રીતે આરોપી બનાવેલ છે. એ વાત ખરી નથી કે આરોપી પાસે કોઈ રકમ મારે લેવાની ન હોવા છતા ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે આરોપીને મેં ખોટી નોટીસ આપેલી. એ વાત ખરી નથી કે અમારી નોટીસનો આરોપીએ સાચો જવાબ આપેલ છે. એ વાત ખરી નથી કે હું આજરોજ સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૧૦) આ કામે આરોપીપક્ષે આરોપી રમેશનાથ શિવધરી તિવારીનાઓએ આંક–પર થી સોગંદ પર જુબાની રજુ રાખેલ છે. ત્યારબાદ તેઓની ફરીયાદપક્ષે કરેલ ઉલટતપાસ જોવામાં આવે તો તેઓ જણાવે છે કે, હું ગ્રેજયુએટ સુધી ભણેલ છુ. હું જી.આઈ.એલ (ગુજરાત ઈન્સેકટીસાઈડ લીમીટેડ) માં નોકરી કરતો હતો. મેં મારુ મકાન બનાવવા માટે ફરીયાદી ધનશ્યામભાઈને આપેલું મારા મકાનમાં આશરે ૧૧૦૦ સ્કવેર ફુટ બાંધકામ કરવામાં આવેલુ. મેં બાંધકામના ખર્ચ પેટે ફરીયાદીને ટુકડે ટુકડે કુલ રૂ.૮,૫૦,૦૦૦/– ચુકવી આપેલા. એ વાત ખરી છે કે મેં ફરીયાદીને રૂ.૮,૫૦,૦૦૦/– ચુકવી આપ્યા તેનુ કોઈ બેંક સ્ટેટમેન્ટ આ કામે રજુ કરેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે રોકડમા ચુકવી આપેલા. એ વાત ખરી છે કે મેં ફરીયાદીને રોકડમાં રકમ ચુકવી તેની કોઈ રસીદ ફરીયાદી પાસેથી મેળવેલ નથી. એ વાત ખરી છે કે સામાનય રીતે કોઈ વ્યકિતને પૈસા ચુકવીએ તો તેની રસીદ મેળવતા હોઈએ છીએ . એ વાત ખરી છે કે મેં સીકયોરીટી તરીકે ચેક આપેલાની હકીકત જણાવેલ છે તેનુ કોઈ લખાણ મે ફરીયાદી પાસેથી લીધેલુ નહી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે જે તે વખતે કોરોનાની મહામારીની સમયગાળા દરમ્યાન મેં ફરીયાદીને ચેક આપેલ. મે ફરીયાદવાળા ચેકનુ સ્ટોપ પેમેન્ટ કઈ તારીખે કરાવેલુ તે તારીખ હાલ મને યાદ નથી. મેં બેંકમાં સ્ટોપ પેમેન્ટ કરાવ્યુ તે દિવસે મારા બેંકના ખાતામાં ચેકની રકમ જેટલુ બેલેન્સ હતુ કે કેમ તે મને હાલ યાદ નથી. મેં કઈ તારીખે બેંકમાં સ્ટોપ પેમેન્ટ કરાવેલ અને મારા ચેક બેંકમાં રજુ થયો તે દિવસે મારા ખાતામાં ચેકની રકમ જેટલુ બેલેન્સ હતુ કે કેમ આ હકીકતનો જવાબ બેંકમાં તપાસ કરીને જણાવી શકુ. એ વાત ખરી છે કે મેં ફરીયાદીને ચેકની રકમ ચુકવી આપેલ છે અને ચેક મને પરત આપવો તેવુ જાણ કરતી નોટીસ મે ફરીયાદીને ફરીયાદીએ નોટીસ મને આપી તે પહેલા આપેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદીએ હાલનો ચેક તેની કાયદેસરની લેણી રકમ પેટે બેંકમાં જમા કરાવેલ છે.એ વાત ખરી છે કે મારી સરતપાસમાં પ્લાસ્ટરનુ કામ બાકી છે તે અંગે મેં કોઈ નિષ્ણાંતનો અભીપ્રાય લીધેલ નથી. એ વાત ખરી છે કે મેં ફરીયાદીને મારા મકાનમાં કામ

બાકી હોય તે પુરુ કરવાની લેખીત નોટીસ ફરીયાદીને આપેલ નથી કે તે અંગે કોઈ કાયદેસરની કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી છે કે નોટીસનો જવાબ મેં વાંચેલ છે. એ વાત ખરી છે કે નોટીસના જવાબમાં કોઈ જગ્યાએ એવુ લખેલ નથી કે પ્લાસ્ટર બાકી છે. એ વાત ખરી છે કે નોટીસના જવાબમાં કેટલા નાણા ચુકવી આપેલ તે રકમ સ્પષ્ટ લખેલ નથી. એ વાત ખરી છે કે ચેકમાં મારી સહી છે અને ફરીયાદવાળા ચેકમાં મારી અને મારી પત્નીનું સંયુકત નામ છે. એ વાત ખરી છે કે, ફરીયાદવાળા ચેકનુ સ્ટોપ પેમેન્ટ તા.૧૦/૦૩/૨૧ ના રોજ કરાવેલ. મે ફરીયાદીને ચેક ૨૦૨૦ ની સાલની દિવાળીની આજુબાજુ આપેલ. એ વાત ખરી છે કે મે તા.૧૦/૦૩/૨૧ ના રોજ ચેકનુ સ્ટોપ પેમેન્ટ કરાવેલ ત્યારથી તા.૨૦/૦૬/૨૨ ના રોજ ચેક ખાતામા કલીયરન્સ માટે આવેલો તે સમયે દરમીયાન મે ફરીયાદીને સ્ટોપ પેમેન્ટ કરાવેલ છે તેના અનુસંધાને લેખિતમા કોઈ જાણ કરેલ નથી.''

**(૧૧)** પુરાવાના કાયદા અનુસાર જે પક્ષકાર જે હકિકત સાથે કોર્ટ સમક્ષ આવેલ હોય તે હકીકત પુરવાર કરવાની જવાબદારી જે તે પક્ષકારના શીરે રહે છે. ચેક પરત ફર્યાના કેસમાં પ્રાથમિક તબકકે ફરીયાદીએ પુરાવો આપવાનો હોય છે અને પુરાવો રજુ થયા બાદ ફરીયાદીની તરફેણમાં અધિનિયમની કલમ-૧૧૮ અને ૧૩૯ પ્રમાણેનું અનુમાન દોરવું પડે છે તે માટે સૌ પ્રથમ ધી નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ-૧૩૮ નાં તત્વો પુરવાર થાય છે કે કેમ ? તે ધ્યાને લેવું પડે. હાલના કેસમાં તહોમતદાર વિરૂધ્ધનો આક્ષેપ ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ-૧૩૮ અન્વયેના ગુના સંબંધનો મુકવામાં આવેલ છે. જેમાં સૌ પ્રથમ ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ-૧૩૮ નાં તત્વો પુરવાર થાય છે કે કેમ ? તે ધ્યાને લેવુ પડે .

➢ **કલમ-૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર :**

સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવુ કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યકિત, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક, એ ખાતામાંથી બીજી વ્યકિતને નાણાંની ચુકવણી કરવા માટે બેંકરને લખે અને એવા ચેકની ચુકવણી કર્યા વિના બેંક એ પરત કરે, કારણ કે એ ખાતામાની જમા રકમ

ચેકના સ્વીકાર માટે અપૂરતી છે, અથવા તો બેંક સાથે સમજૂતીથી કરેલી વ્યવસ્થા કર્યા પ્રમાણે ચેકની રકમ એ રકમ કરતાં વધુ છે, ત્યારે, આવી વ્યકિતએ ગુનો કર્યો ગણાશે, અને આ કાયદાની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને ''બે વર્ષ'' સુધીની કેદની શિક્ષા, અથવા ચેકની રકમથી બમણી રકમ સુધીનો દંડ અથવા બંને કરવામાં આવશે.

પરંતુ એમ ઠરાવ્યુ છે કે..

(એ) જયાં સુધી, ચેક લખ્યાની તારીખથી છ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત– એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેંકમા રજુ કરવામાં આવ્યો ન હોય,

(બી) જયાં સુધી, તે ચેકનો પેઈ અથવા તો યથાક્રમધારક, જેમ હોય તેમ, તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેંક તરફથી તેને માહીતી મળ્યાના 'ત્રીસ દિવસ'ની અંદર તે ચેકના લખનારને લેખીત નોટીસ આપીને તેવી રકમની ચુકવણીની માંગણી કરે નહી, અને

(સી) જયાં સુધી, એવો ચેક લખનાર, ચેકનાં નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં યથાનુક્રમધારકને, જેમ હોય તેમ, ઉપરોકત નોટીસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચુકવણી કરવામાં નિષ્ફળ જાય નહી, ત્યાં સુધી આ કલમમાંનુ કશું જ લાગુ પડશે નહીં.

ખુલાસો : આ કલમના હેતુઓ માટે દેવું અથવા અન્ય જવાબદારી એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવું અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

આમ, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ નો ગુનો પુરવાર થવા માટે આવશ્યક શરતો નીચે મુજબ છે.

૧. ચેક પોતાની જવાબદારી પૂરી કરવા આપ્યો હોવો જોઈએ.

૨. ચેક અપૂરતા બેલેન્સને કારણે પરત આવ્યો હોવો જોઈએ.

૩. કલમ-૧૩૮માં જણાવ્યા મુજબ ચેક ધારણ કરનારે ચેક લખનારને ૩૦ દિવસમાં નોટીસ આપી હોવી જોઈએ.

૪. કલમ-૧૩૮ માં જણાવ્યા મુજબ નોટીસ બજવાના ૧૫ દિવસોમાં ચેક લખનાર તે રકમ ચૂકવવામા નિષ્ફળ ગયો હોવો જોઈએ.

ઉપરોકત આવશ્યક તત્વો પૂર્ણ થાય તો ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ-૧૩૮ અન્વયેનો ગુનો બન્યાનુ કહેવાય અને ત્યારબાદ ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ-૧૩૯ તથા કલમ-૧૧૮ મુજબનુ ધારકની તરફેણમાં અનુમાન થાય.

➢ **કલમ-૧૩૯ ધારકની તરફેણમાં અનુમાન :**

જયાં સુધી વિપરીત પુરવાર કરવામાં આવે નહીં ત્યા સુધી એમ અનુમાન કરવામાં આવશે, કે ચેકના ધારકે કલમ-૧૩૮ માં જણાવેલ ચેક, કોઈપણ દેવું અથવા અન્ય જવાબદારીને પૂરેપૂરી રીતે અથવા અંશત : દેવા માટે મેળવ્યો હતો.

નોંધ : પાછો ફરેલ ચેક વર્તમાન દેવું કે જવાબદારી પ્રત્યે હતો તેવું અનુમાન કરવામાં આવશે. એથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો એટલે કે આપેલો ચેક કોઈ દેવા પ્રત્યે કે જવાબદારી પ્રત્યે ન હતો એ ચેકના આપનાર ઉપર છે.

➢ કલમ-૧૧૮ વટાઉ ખત વિષે માની લેવાની બાબત :

એથી વિરુધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી, નીચે પ્રમાણે માની લેવામાં આવશે :

**(ક) અવેજ વિષે** : દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું, અને એવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય, તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય, તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય, ત્યારે તે અવેજને માટે સ્વીકાર્યુ હતું. તેના ઉપર શેરો કરી આપ્યો હતો, તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

**(ખ)તારીખ વિષે :** જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

**(ગ) સ્વીકારના સમય વિષે :** સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વાજબી સમયમા સ્વીકારવામાં આવ્યું હતું.

**(ઘ) તબદીલીના સમય વિષે :** કોઈ વટાઉખતની દરેક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

**(ચ) શેરાઓના ક્રમ વિષે :** કોઈ વટાઉખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

**(છ) સ્ટેમ્પ વિષે:** ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

**(જ) ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિષે :** કોઈ વટાઉખતનો ધારક છે યથાક્રમ ધારક છે એમ માની લેવુ સિવાય કે , તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી, અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય. ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

**(૧૨)** આ કામે મુદ્દા નં–૧ ના સંદર્ભમાં જોવામાં આવે તો, મુદ્દા નં–૧ પુરવાર કરવાની જવાબદારી પ્રાથમિક રીતે ફરીયાદપક્ષની છે. આરોપી સામેનું ફરીયાદીનું બાકી લેણું કાયદેસરનું વસુલ થવા પાત્ર છે અને તે કાયદેસરના વસુલ કરવાપાત્ર બાકી લેણાની ચુકવણી પેટે કે બાકી લેણાંની અંશત: ચુકવણી પેટે આરોપીએ તકરારી ચેક આપેલા છે અને તે ચેક અસ્વીકૃત થયેલ છે. તેમજ તે ચેક અસ્વીકૃત થયા બાદ આરોપીને તે અંગેની લેખીતમાં સાચા અને ખરા સરનામે જાણ કરવામાં આવેલ છે. તે હકિકત ફરીયાદી એ પુરવાર કરવાની છે. આ સંદર્ભે જોઈએ તો આ કામે ફરીયાદપક્ષે પોતાની આંક–૧ વાળી ફરીયાદ હકિકતના સમર્થનમાં આંક–૦૪ થી સોગંદ ઉપર લેખીત સરતપાસ રજુ કરેલ છે તેમજ દસ્તાવેજી પુરાવાઓ જેવા કે,

જેમા આરોપીએ અસલ ચેક, ચેક રીર્ટન મેમો, નોટીશની કોપી, રજી.પો.એડીની પાવતી અસલ, નોટીશ મળેલાનુ પોષ્ટ ખાતાની એકનોલોજમેન્ટ રજુ કરેલ છે. અત્રે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ માં કરેલ જોગવાઈઓ મુજબ ફરીયાદીએ હાલના કામે જે આવશ્યક તત્વો સાબિત કરવાના છે તે જોતાં ચેક ફરીયાદીએ પોતાના ખાતામાં ચેકમાં લખેલ તારીખે અથવા ચેકની વેલીડીટી પીરીયડમાં કે બે માંથી જે વહેલું હોય તે પ્રમાણે રજુ કરી દેવો જોઈએ. તેના અનુસંધાનમાં હાલના કામનો પુરાવો વંચાણે લેતાં, ફરીયાદવાળો તકરારી ચેક નં.૯૧૪૯૦૧, આંક–૨૮ તા.૨૦/૦૬/૨૦૨૨ તથા ચેક નં.૯૧૪૯૦૨, આંક–૩૦ તા.૨૦/૦૬/૨૦૨૨ ના રોજનો છે જે ચેક બેન્કમાં જમા કરાવતાં આરોપીની બેન્કનાં તા.૨૧/૦૬/૨૦૨૨ નાં રીટર્ન મેમોથી ''પેમેન્ટ સ્ટોપ બાય ડ્રોવર'' ના શેરા સાથે વગર સ્વીકારાયે પરત ફરેલો છે, જેનો રીટર્ન મેમો આંક– ૨૯ તથા આંક–૩૧ , તા.૨૧/૦૬/૨૦૨૨ ના રોજથી રજુ થયેલ છે.

ચેક ધારણ કરનાર અથવા જે વ્યકિતના નામનો ચેક છે તેણે ચેકની રકમની માંગણી ચેક પરત ફર્યાની જાણ તેઓને થાય તેના ૩૦ (ત્રીસ) દિવસમાં લેખીતમાં ચેક આપનાર વ્યકિત પાસે કરવી જોઈએ. આ કામે ચેક પરત ફર્યા બાદ તે અંગેની ચેકના નાણાની માંગણી કરતી આંક–૩૨ વાળી નોટીસ ફરીયાદપક્ષે આરોપીના સરનામે રજી.એ.ડી. ધ્વારા મોકલેલી નોટીસ રજી.એ.ડી. કર્યાની તેની પોષ્ટ ખાતાની પાવતીની નકલ આંક– ૩૩ થી રજુ કરવામાં આવેલ છે. વધુમાં હાલના કામે રજુ થયેલ આંક–૨૮ તથા આંક–૩૦ વાળો તકરારી ચેક વંચાણે લેતાં તેના પેઈના કોલમમાં હાલના ફરીયાદીનું નામ જણાઈ આવે છે. આમ, તકરારી ચેકના પેઈ હાલના ફરીયાદી હોવાનું જણાઈ આવે છે અને તેઓએ તકરારી ચેકના નાણાંની માંગણી કરતી નોટીસ આરોપીને મોકલેલી છે.

આમ, ફરીયાદીએ આરોપી પાસે કલમ–૧૩૮ માં ઠરાવ્યા મુજબ ચેક પરત ફર્યા બાદ ચેકના નાણાંની માંગણી કરેલી છે તે હકિકત ફલીત થાય છે. આમ, ફરીયાદવાળો ચેક પરત ફર્યાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસમાં ફરીયાદીએ આરોપીને ચેક પરત ફર્યાની જાણ લેખીતમાં કરી ચેકની રકમની માંગણી કરેલ છે તે હકિકત ફલીત થાય છે. તે પ્રમાણે નોટીસ મળી ગયેલાના પંદર દિવસમાં ચેક આપનારે ચેકની રકમ ચેક ધારણ કરનાર અથવા

ચેકમાં લખેલ નામવાળી વ્યકિતને ચુકવી દેવી જોઈએ. જયારે હાલના કામે ફરીયાદીએ આંક–૩૨ વાળી નોટીસ આરોપીને મોકલેલી જે નોટીસ આરોપીને બજી ગયેલ છે તે અંગેની એકનોલોજમેન્ટ આંક –૩૪ થી રજુ થયેલ છે. આમ, આરોપીને નોટીસ મળ્યાના ૧૫ (પંદર) દિવસની અંદર રેકર્ડ મુજબ આરોપી ધ્વારા ડીમાન્ડ નોટીસ મુજબની કોઈ રકમ ફરીયાદીને ચુકવી આપેલાની હકિકત રેકર્ડ ઉપર નથી. આમ, ઉપરોકત તમામ પુરાવાઓના આધારે એ હકિકત સાબિત થાય છે કે, ફરીયાદ પક્ષ દવારા એકટની કલમ–૧૩૮(એ), (બી), (સી) મુજબના ત્રણેય તત્વોનું પાલન થયેલ છે. જેથી હાલનો કેસ એકટની કલમ– ૧૧૮ અને ૧૩૯ મુજબના અનુમાનો ઉપર પહોંચવા યોગ્ય કેસ જણાય છે.

**(૧૩)** આરોપી પક્ષ ઉપરોકત કલમ મુજબના અનુમાનોનું ખંડન કરતો પુરાવો રજુ ના કરે તો ત્યાં સુધી આરોપી વિરુધ્ધ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો પુરવાર માનવાનો રહે છે. ***નામદાર સુપ્રિમ કોર્ટ દવારા ૨૦૦૯ (૨) નઈીલચ ૧૨૪૦, મેસર્સ કુમાર એકસપોર્ટ વિરુધ્ધ વિનોદ શર્મા***ના ચૂકાદામાં પેરા–૧૧ માં અનુમાનો કયારે કરી શકાય અને તે અનુમાનોનું ખંડન કરવાની જવાબદારી આરોપી કેવી રીતે નિભાવી શકે તે અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી છે.

> **para : 11.** The use of the phrase "until the contrary is proved" in Sec. 118 of the Act and use of the words "unless the contrary is proved" in Sec. 139 of the Act read with definitions of " may presume" and "shall presume" as given in Sec. 4 of the Evidence Act, makes it at once clear that presumptions to be raised under both the provisions are rebuttable. When a presumption is rebuttable, it only points out that the party on whom lies the duty of going forward with evidence, on the fact presumed and **when that party has produced evidence fairly and reasonably tending to show that the real fact is not as presumed, the purpose of the presumption is over.** The accused in a trial under Sec. 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that

under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. **To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial.** The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the Court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. **To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the Court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant.** The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Sec. 114 of the Evidence

Act to rebut the presumptions arising under Secs. 118 and 139 of the Act. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once, such rebuttal evidence is adduced and accepted by the Court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant,...

ઉપરોકત ચુકાદાને માનપૂર્વક વંચાણે લેતાં, અનુમાનોનું ખંડન કરી શકે તે મુજબનો પ્રોબેબલ બચાવ કે જે બચાવ આધારે અનુમાનોનું ખંડન થાય છે તેવું માનવા સામાન્ય બુધ્ધિશાળી માણસ પ્રેરાય તેવો પુરાવો આરોપીપક્ષે રજુ કરવામાં આવેલ છે કે કેમ ? અથવા તેવો બચાવ આરોપી પક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ ? તે ધ્યાને લેવું પડે.

**(૧૪)** સદર કામે બંને પક્ષ તરફે રજુ સમગ્ર પુરાવાનુ ગહન અધ્ધયન કરવામા આવે તો ફરીયાદી અને આ કામના આરોપીની વચ્ચે મકાનના બાંધકામ અંગેનો નાણાકીય વ્યવહાર પ્રારંભિક તબકકે થયેલ હોવાનુ જણાઈ આવે છે. વધુમા સદર કામે ફરીયાદીએ તેઓની સોગંદ ઉપરની જુબાની તથા આંક–૬૬ થી રજુ લેખિત દલીલમાં પણ તેઓની અને આરોપીની વચ્ચે મકાન બાંધકામ બાબતે રૂા.૯,૯૦,૦૦૦/– ની કુલ રકમમાથી રૂા.૬ લાખ આરોપીએ ફરીયાદીને ચુકવેલ હોવાની અને બાકી પડતી રૂા. ૩,૯૦,૦૦૦/– ની રકમ પૈકી રૂા.૨,૫૦,૦૦૦/– ની રકમના ફરીયાદવાળા બંને ચેકો આરોપીએ ફરીયાદીને આપેલ હોવાની ફરીયાદમા જણાવ્યા મુજબની હકીકતને સમર્થન આપવાનો પ્રયત્ન કરેલ છે. ત્યારબાદ આરોપીએ તેઓની આંક–૭૧ થી રજુ  લેખિત દલીલ ધ્યાને લેતા તેમા પણ તેઓએ મુખ્યત્વે તેઓની અને ફરીયાદી વચ્ચે મકાનના બાંધકામ અંગેનો નાણાકીય વ્યવહાર થયેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. વધુમા આ કામના આરોપીએ તેઓની

લેખિત દલીલમા પણ આ કામના ફરીયાદીએ તેઓના ચેકનો દુરૂપયોગ કરી હાલની ખોટી ફરીયાદ કરેલ હોવા અંગેનો બચાવ લેવાનો પ્રયત્ન કરેલ છે. હવે, આરોપીએ તેઓની લેખીત દલીલમા ફરીયાદીએ ચેકોનો દુરૂપયોગ કરવા સંબંધી બચાવ લેવાનો જે પ્રયત્ન કરેલ છે તે પરત્વે જોવામા આવે તો હાલના બંને તકરારી ચેકો ફરીયાદી પાસે કઈ રીતે આવેલ તે સંબંધે રેકર્ડ ઉપર કેટલીક મહત્વની બાબતો ઉદભવતી જણાઈ આવે છે જેની અત્રે ચર્ચા કરવા જરૂરી છે. જે સંદર્ભે સદર કામે આરોપીપક્ષ તરફે ફરીયાદીની કરવામા આવેલ ઉલટતપાસમાં ફરીયાદીએ ''તકરારી ચેક તેઓએ માલસામાન ખરીદવા માટે સીકયોરીટી પેટે રાખેલો'' તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે. આમ, ફરીયાદીએ તેઓની ઉલટતપાસમાં તેઓએ કહેવાતા બંને ચેકો આરોપી પાસેથી સીકયોરીટી પેટે રાખેલ હોવાથી તેમની પાસે બંને ચેકા ઉપલબ્ધ હોવાનુ જણાઈ આવે છે અને તે જ હકીકત સંદર્ભે આરોપીની ફરીયાદપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસ જોતા તેમા આરોપીએ પણ મુખ્યત્વે '' તેઓએ સીકયોરીટી તરીકે ચેક આપેલાની હકીકત જણાવેલ છે તેનુ કોઈ લખાણ તેઓએ ફરીયાદી પાસેથી લીધેલુ નહી તેમજ જે તે વખતે કોરોનાની મહામારીની સમયગાળા દરમ્યાન તેઓએ ફરીયાદીને ચેક આપેલ'' તેવી હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે. આમ, આરોપી સ્વયં તેઓની ઉલટતપાસમા કહેવાતા બંને તકરારી ચેકો તેઓએ ફરીયાદીને સીકયોરીટી પેટે આપેલ હોવાની હકીકતનો સ્વીકાર કરે છે. જેથી કહેવાતા બંને ચેકો આરોપીએ જ ફરીયાદીને આપેલ હોવાનુ જણાઈ આવે છે. વધુમા ફરીયાદીએ તેઓના સમગ્ર પુરાવામા કહેવાતા બંને ચેકો આ કામના આરોપી રમેશભાઈએ તેઓને સહી કરીને આપેલ હોવાની હકીકત ભારપૂર્વક જણાવેલ છે અને તે જ સંદર્ભે આરોપીની ફરીયાદપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસ જોતા તેમા આરોપીએ પણ''ચેકમાં તેઓની સહી છે અને ફરીયાદવાળા ચેકમાં તેઓની અને તેઓની પત્નીનું સંયુકત નામ છે'' તેવી હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે. આમ, કહેવાતા બંને તકરારી ચેકો આ કામના આરોપીએ પોતાના સભાનપણામા ફરીયાદીને પોતાની સહી કરીને સીકયુરીટી પેટે અથવા તો મકાનના બાંધકામના લગતા નાણાકીય વ્યવહાર પેટે આપેલ હોવાનુ જણાઈ આવે છે. આમ, ઉપરોકત હકીકત પરથી

તો ચેકોનો દુરૂપયોગ થયેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. તેમ છતા રેકર્ડ ઉપર પ્રસ્તુત અન્ય તથ્યો ઉપર પ્રકાશ પાડવામા આવે તો આ કામના આરોપીએ તેઓની લેખિત દલીલમા તેમના ધ્વારા તા.૧૦/૦૩/૨૧ ના રોજ સ્ટોપ પેમેન્ટની અરજી કર્યાના લાંબા સમયગાળા બાદ આ કામના ફરીયાદીએ ખોટી રીતે ચેક વટાવેલ હોવાનો બચાવ લેવાનો પ્રયત્ન કરેલ છે. હવે ઉપરોકત હકીકત સંદર્ભે આરોપીની ફરીયાદપક્ષ તરફે કરવામા આવેલ ઉલટતપાસ ધ્યાને લેતા '' ફરીયાદવાળા ચેકનુ સ્ટોપ પેમેન્ટ તા.૧૦/૦૩/૨૧ ના રોજ કરાવેલ તેમજ તેઓએ ફરીયાદીને ચેક ૨૦૨૦ ની સાલની દિવાળીની આજુબાજુ આપેલ તેમજ તેઓએ તા.૧૦/૦૩/૨૧ ના રોજ ચેકનુ સ્ટોપ પેમેન્ટ કરાવેલ ત્યારથી તા.૨૦/૦૬/૨૨ ના રોજ ચેક ખાતામા કલીયરન્સ માટે આવેલો તે સમયે દરમીયાન તેઓએ ફરીયાદીને સ્ટોપ પેમેન્ટ કરાવેલ છે તેના અનુસંધાને લેખિતમા કોઈ જાણ કરેલ નથી '' તેવી હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે. આમ, આરોપીની ઉલટતપાસ ધ્યાને લેવામા આવે તો તેમા આરોપીઓ કહેવાતા બંને તકરારી ચેકો તા.૧૦/૦૩/૨૧ ના રોજ સ્ટોપ પેમેન્ટ કરેલ હોવાની હકીકતનો તો સ્વીકાર કરે છે પરંતુ તેની સાથો સાથ તેઓએ તે બંને ચેકો સ્ટોપ પેમેન્ટ કરાવેલ હોવા અંગેની જાણ આ કામના ફરીયાદીને કરેલ ન હોવાની હકીકતનો પણ સ્વીકાર કરે છે. આમ, જયારે આરોપી ધ્વારા ફરીયાદીને ચેકોનો સ્ટોપ પેમેન્ટ કરાવેલ હોવા અંગેની જાણ કરવામા જ આવેલ ન હોય ત્યારે આ કામના ફરીયાદીએ કહેવાતા ચેકોનો દુરૂપયોગ કરેલ હોવાનો આરોપીનો કોઈ જ બચાવ અત્રે ટકવાપાત્ર રહેતો હોવાનુ માની શકાય નહી. વધુમા જયારે આરોપી ધ્વારા જ પોતાની ઉલટતપાસમા અને લેખિત દલીલોમા ફરીયાદવાળા બંને ચેકોમા તેઓની સહી હોવાની હકીકતનો સ્વીકાર કરવામા આવતો હોય ત્યારે પણ કહેવાતા ચેકનો દુરૂપયોગ થયેલ હોવાની હકીકતને કોઈ સુદઢ આધાર પ્રાપ્ત થતો હોવાનુ અત્રે માની શકાય નહી. આમ, રેકર્ડ ઉપર પ્રસ્તુત સમગ્ર હકીકતોના આધારે ફરીયાદવાળા બંને ચેકો આરોપીએ જ ફરીયાદીને આપેલ હોવાનુ જણાઈ આવે છે અને તે બંને ચેકો ફરીયાદીએ ચેકમા નિર્દિષ્ટ કરેલ તારીખો મુજબ બેંકમા જમા કરાવતા બંને ચેકો રીટર્ન થયા બાદ તે અંગેની જાણ ફરીયાદીએ આરોપીને નોટીસ મારફતે કર્યા બાદ પણ નિયત સમય મર્યાદામા ચેકમા

જણાવ્યા મુજબની રકમ ફરીયાદીને ચુકવી આપેલ ન હોય ફરીયાદીએ હાલની ફરીયાદ કરેલ છે. ઉપરોકત સમગ્ર ચર્ચાઓ કર્યા બાદ અત્રે વધુ એક બાબત ઉપર પ્રકાશ પાડવાનો રહેછેકે,ફરીયાદ વાળા જે બંને તકરારી ચેકો છે તેમા બંને આરોપીઓ જોઈન્ટ એકાઉન્ટ ધરાવે છે. જેથી ફરીયાદીએ હાલના બંને આરોપીઓની સામે હાલની ફરીયાદ દાખલ કરેલ છે. પરંતુ ઉપરોકત હકીકત સંદર્ભે ફરીયાદીની કરવામા આવેલ ઉલટતપાસ જોવામા આવે તો તેમા ફરીયાદીએ તેઓને આંક ૨૮ તથા આંક ૩૦ વાળા ચેકો બતાવતા તે ચેકોમાં રમેશભાઈએ સહી કરીને આપેલ, તેમાં પ્રેમશીલા તીવારીની કોઈ સહી નથી '' તેવી હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે. વધુમા તેજ હકીકત સંદર્ભે આરોપીએ પણ તેઓની ઉલટતપાસમા '' ચેકમા તેઓની સહી છે અને ફરીયાદવાળા ચેકમા તેઓનુ અને તેઓની પત્નીનુ સંયુકત નામ છે તેવી હકીકતનો સ્વીકાર કરેલ છે. વધુમા આરોપીએ તેઓની લેખીત દલીલમા પણ '' જે ચેકો રજુ કરવામા આવેલ છે તે જોઈન્ટ એકાઉન્ટ હોય અને તેમા માત્ર આરોપી નં.૧ ની સહી હોય એન.આઈ.એકટની જોગવાઈ મુજબ ચેક પર જેની સહી હોય તેને જ આરોપી તરીકે જોડી શકાય તેમ છતા આરોપી નં.૨ ને ખોટી રીતે જોડેલ છે'' તેવો બચાવ લેવાનો પ્રયત્ન કરેલ છે. આમ, આરોપી નં.૨ પ્રેમ શીલાબેન સંદર્ભે જે હકીકતો બંને પક્ષ તરફે જણાવવામા આવેલ છે તે જોતા ફરીયાદવાળા બંને ચેકોમા માત્ર ને માત્ર આરોપી નં.૧ ની જ સહી હોવાનુ જણાઈ આવે છે. વધુમા સ્વયં આરોપી નં. ૧ રમેશનાથ તિવારી જ તેઓના પુરાવામા કહેવાતા બંને ચેકોમા તેઓએ જ સહી કરીને આપેલ હોવાની હકીકતનો સ્વીકાર કરેલ છે. જેથી આ કામના આરોપી નં.૧ અને ફરીયાદી વચ્ચે ફરીયાદમા જણાવ્યા મુજબનો આર્થિક વ્યવહાર થયેલ હોવાનુ અને તે વ્યવહાર પેટે આરોપીએ ફરીયાદીને બંને ચેકો પોતાની સહી કરીને આપેલ હોવાનુ ફલીત થાય છે. સદર કામે આરોપી નં.૨ ની કહેવાતા બંને તકરારી ચેકોમા કોઈ જ સહી ન હોય અને માત્ર તેઓનુ નામ સંયુકત બેંક એકાઉન્ટમા હોવાથી તેઓની અને ફરીયાદી વચ્ચે કોઈ સીધો નાણાકીય વ્યવહાર થયેલ હોવાનુ માની શકાય નહી.

આમ, ઉપરોકત સમગ્ર ચર્ચાના આધારે આંક–૨૮ તથા આંક–૩૦ વાળા ચેક આરોપી નં.૧ એ ફરીયાદીને પોતાના કાયદેસરના લેણા પેટે આપેલ હોવાનુ જણાઈ

આવે છે. સામાન્યત: ચેક કે જેમા ચેકમા સહી કરનાર વ્યકિતની નાણાકીય શાખા સમાહિત હોય છે તે વ્યકિત ચેકનો દુરૂપયોગ થવાની સંભાવનાઓથી પુર્ણત: અવગત હોવાથી વિના કારણે કોઈને પણ સહી કરીને આપી શકે નહી. વધુમા અત્રે ફરીયાદી ધ્વારા જે આરોપીની સહીવાળા આંક–૨૮ તથા આંક–૩૦ વાળ ચેક રજુ કરેલ છે તેમા આરોપીએ પોતાની સહીથી સંબંધિત તકરારો ઉઠાવેલ નથી. વળી, આરોપી ફરીયાદી સામે ચેકના દુરઉપયોગની ફરીયાદ કરી હોય તેવુ પણ રેકર્ડ પર જણાતુ નથી. જેથી સદર કાયદાની કલમ– ૧૩૯ મુજબ અનુમાન કરવાનુ રહે છે કે સદર ચેક કાયદેસરના દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ છે. આમ, બચાવપક્ષ ધ્વારા આ કાયદાની કલમ– ૧૩૯ ના અનુમાનનુ ખંડન કરતી કોઈ હકીકત રેકર્ડ પર લાવવામા આવેલ નથી. જેથી ફરીયાદપક્ષની હકીકત ન માનવાને કોઈ કારણ નથી. વધુમા જયા સુધી ચેક ફરીયાદી પાસે કેવા સંજોગોમાં પહોંચ્યો અને ફરીયાદીનુ કોઈ કાયદેસરનુ લેણુ નથી તે સાબીત ન કરવામાં આવે ત્યા સુધી તકરારી ચેક કાયદેસરના દેવા પેટે આપવામા આવેલ હોવાનુ અનુમાન કરવાનુ રહે છે.સદર કામે અગાઉ ચર્ચા કરેલ ચુકાદા અને તેમા દર્શાવેલ સિધ્ધાંતો હાલના કેસમા લાગુ પડતા હોય આરોપીએ નેગોશીયેબલ ઈનસ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ મુજબનો ગુનો કરેલ હોવાનુ ફલીત થાય છે. જેથી આરોપી ધ્વારા ફરીયાદવાળો ચેક કાયદેસરના લેણાં પેટે ફરીયાદીને આપેલ હોવાની હકીકત માનવાને કારણ રહે છે. આમ, આ સંજોગોમાં એ હકિકત સ્પષ્ટ સાબીત થાય છે કે, આંક–૨૮ તથા આંક–૩૦ વાળો ચેક આરોપી ધ્વારા ફરીયાદીને બાકી નિકળતા લેણાં પેટે ફરીયાદીને આપેલ હતો. જે ચેક Payment stopped by drawer ના કારણે વણસ્વીકારાયે પરત ફરેલ હોય આરોપીએ નેગો.ઈન્સ્ટુમેન્ટ એકટ કલમ– ૧૩૮ની જોગવાઈનો ભંગ કરેલ છે.

**(૧૫)** આમ, ઉપર મુજબ કરેલ સઘળી ચર્ચાના અંતે એવું જણાય છે કે, આરોપી પક્ષ પોતાનો બચાવ સફળ રીતે પુરવાર કરી શકેલ નથી કે ફરીયાદી તરફેના અનુમાનનું ખંડન થાય તેવો કોઈ બચાવ રેકર્ડ ઉપર લાવેલા નથી. આરોપીએ, ફરીયાદીની તેમની

પાસે કોઈ બાકી લેણી રકમ રહેતી નથી કે ફરીયાદીને જે ચેક આપવામાં આવેલ છે તે ચેક કોઈ દેવા કે જવાબદારી પેટે આપવામાં આવેલ નથી તેવો ખંડનાત્મક પુરાવો લાવેલા નથી. તે જોતાં આરોપી પોતાની સામે પડેલ પુરાવાનું અને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૧૮ તથા ૧૩૯ મુજબના અનુમાનોનું ખંડન કરી શકેલ નથી કે ખંડનાત્મક પુરાવો રજુ કરી શકેલ નથી. આમ તમામ હકિકતો પરથી આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૮ ના ગુના માટે તકસીરવાન ઠરે છે તેવું અત્રેની અદાલતનું નમ્રપણે માનવું છે. ઉપરોકત તમામ સંજોગોમાં ફરીયાદપક્ષે રજુ કરેલા તમામા પુરાવાનું મુલ્યાંકન કરતા ફરીયાદીએ આ કામના આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો નિ:શંકપણે પુરવાર કરેલો હોય આમ, ઉપરોકત તમામ સંજોગોમાં હું મુદા નં.૧નો જવાબ ''હકારમાં'' આપું છું અને નીચે મુજબ હુકમ કરૂ છું .

**:: <u>આ ખ રી હુ ક મ</u> ::**

**(૧).**રેકર્ડ ધ્યાને લેતા સદર કેસ સી.આર.પી.સી. ૧૯૭૩ ની જોગવાઈઓ પ્રમાણેની કાર્યવાહી મુજબ ચાલેલ છે પરંતુ ત્યારબાદ તા.૦૧/૦૭/૨૦૨૪ થી ભારતીય નાગરીક સુરક્ષા અધિનિયમ અમલમાં આવેલ હોય જે ધ્યાને રાખી આરોપી **૧. રમેશનાથ શિવધરી તીવારી** રહે. મહેન્દ્રનગર, શિવ મંદીર પાછળ, ગડખોલ, અંકલેશ્વર,જી.ભરૂચ નાઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુન્હામાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૫(૨) તથા બી.એન.એસ.એસ– ૨૦૨૩ ની કલમ– ૨૭૮(૩) ધ્યાને રાખી તકસીરવાન ઠરાવી **૧ (એક)** વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૨). રેકર્ડ ધ્યાને લેતા સદર કેસ સી.આર.પી.સી. ૧૯૭૩ ની જોગવાઈઓ પ્રમાણેની કાર્યવાહી મુજબ ચાલેલ છે પરંતુ ત્યારબાદ તા.૦૧/૦૭/૨૦૨૪ થી ભારતીય નાગરીક સુરક્ષા અધિનિયમ અમલમાં આવેલ હોય જે ધ્યાને રાખી આરોપી **૨. પ્રેમ શીલા તીવારી** રહે. મહેન્દ્રનગર, શિવ મંદીર પાછળ, ગડખોલ, અંકલેશ્વર,જી.ભરૂચ. નાઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુન્હામાં ક્રિમીનલ પ્રોસીજર કોડની

કલમ– ૨૫૫(૧) તથા બી.એન.એસ.એસ– ૨૦૨૩ ની કલમ– ૨૭૮(૧) ધ્યાને રાખી નિદોર્ષ ઠરાવવામા આવે છે.

(૩).આ કામના આરોપી **નં.૧. રમેશનાથ શિવધરી તીવારી** રહે. મહેન્દ્રનગર, શિવ મંદીર પાછળ, ગડખોલ, અંકલેશ્વર,જી.ભરૂચ નાઓએ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૫૭ તથા બી.એન.એસ.એસ.– ૨૦૨૩ ની કલમ–૩૯૫ ધ્યાને રાખી ચેકની રકમ રૂા.૨,૫૦,૦૦૦/–(અંકે રૂપીયા બે લાખ પચાસ હજાર પુરા) ફરીયાદીને વળતર પેટે દિન– ૬૦ માં ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે. આરોપી વળતરની રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીને વધુ **૨ (બે)** માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

(૪).આ ચુકાદાની એક નકલ આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૬૩ તથા બી.એન.એસ.એસ.– ૨૦૨૩ ની કલમ–૪૦૪ અન્વયે વિનામૂલ્યે પુરી પાડવી.

(૫). અગાઉ આપેલ આરોપીઓના જામીનખત રદ કરવામા આવે છે તેમજ આરોપી નં.ર એ અપીલ પીરીયડના સી.આર.પી.સી કલમ ૪૩૭(એ) તથા બી.એન.એસ.એસ ની કલમ–૪૮૧ ધ્યાને રાખી રૂા. ૧૫,૦૦૦/– ના જામીન તથા જાત મુચરકો આપવા હુકમ કરવામા આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ **તારીખ : ૧૯ મી, માહે : મે, સને : ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૧૯/૦૫/૨૦૨૬<br>સ્થળ : અંકલેશ્વર | **(યોગેશ નરેન્દ્રકુમાર પટેલ)**<br>એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,<br>અંકલેશ્વર<br>કોડ નં. GJ0066 |

**(Guj Steno: P.J.Panara)**